# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૩/૦૪/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સ્વયંશિસ્તથી પ્રજાજનો વર્તમાન સમયમાં આગળ વધે એ જ સમયની માંગ છે.

## સરકાર ૪૫ વર્ષથી નીચેના નાગરિકો માટે રસીકરણ શરૂ કરે.

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી દિનેશભાઈ નાવડિયા અને ઉપ પ્રમુખ શ્રી આશીષભાઈ ગુજરાતી એક નિવેદનમાં જણાવે છે કે ચેમ્બર સાથે સંકળાયેલા ઔદ્યોગિક એસોસીએશનોની એક સભા ઝૂમ એપના માધ્યમ દ્વારા વર્તમાન પરિસ્થિતિમાં ટ્રેડ અને ઇન્ડસ્ટ્રીના સંદર્ભમાં શું કાળજી લેવાવી જોઈએ ? અને સાવચેતીરૂપે શું પગલાઓ લેવાવા જોઈએ ? તે વિષય પર બોલાવવામાં આવી હતી.

સર્વાનુમતે ચર્ચાના અંતે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે લોકડાઉન કે જનતા કરફ્યુ એ સમસ્યાનો ઉકેલ નથી. માત્ર ને માત્ર પ્રજાજનો અને ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓ સ્વયંશિસ્ત રાખીને દિવસો પસાર કરે તે સમયની માંગ છે. ઘરમાં, ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કામદારો અને કર્મચારીઓના ઘરમાં જે વ્યક્તિઓ કમાતી હોય તે સિવાયની વ્યક્તિઓ કારણ વગર ઘરની બહાર નીકળે નહિ. ઔદ્યોગિક એકમોના માલિકો પોતાના કર્મચારીઓ કોરોનાની શિસ્ત જળવાય તેનું ખાસ ધ્યાન રાખે, તેમાં ખાસ કરીને તમામ કારીગરો માસ્ક પહેરીને જ આવે, હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરે, સોશ્યલ ડીસ્ટન્સિંગનું પાલન કરે, નોકરીના સમય પછી લારી-ગલ્લાઓ પર ભેગા ન થાય, લંચના સમયે કારીગરો એક સાથે જમવા માટે ભેગા ન થાય વગેરે બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

આ સભામાં તમામ ઔદ્યોગિક એસોસીએશનોના હોદ્દેદારોએ એકીસાથે એક સૂર વહેતો કર્યો હતો કે મોટાભાગના એકમોમાં જે કર્મચારીઓ કામ કરે છે તેમની ઉંમર ૪૫થી નીચેની હોય છે. આ ઉપરાંત ભારતની કુલ વસ્તીના ૫૦% લોકો પણ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના છે. જો આ વર્ગ બીમારીથી દૂર રહે તો દેશના આર્થિક વિકાસ પર તેની કોઈ નકરાત્મક અસર થશે નહિ. અને તેથી આ સંજોગોમાં ૪૫ વર્ષથી નીચેની ઉમરના કારીગરોનું વેક્સીનેશન શરૂ કરવામાં આવે તો ખૂબ ઝડપથી સુધારો થાય અને કોરોનાની આ ચેઈન તૂટે.

દર પંદર દિવસે કારીગરો ફરજિયાત ટેસ્ટીંગ કરાવે અને તે માટેની વ્યવસ્થા જે તે એસોસીએશન અથવા ઔદ્યોગિક એકમોના સંચાલકો કરાવે તેવી અપીલ કરવામાં આવે છે.

સુરતમાં સુરત મહાનગરપાલિકા ટેસ્ટીંગ પૂરતા પ્રમાણમાં કરે છે પરંતુ સુરત બહારની ઇન્ડસ્ટ્રીમાં ટેસ્ટીંગનું પ્રમાણ પૂરતા પ્રમાણમાં થતું નથી અને તેથી ટેસ્ટીંગના અભાવે સંક્રમણ વધે તેવો ભય સતાવી રહ્યો છે અને તેથી આ દિશામાં પણ તાત્કાલિક પગલા લેવાવા જોઈએ.

હાલમાં, રેમડેસીવીર અને તેજ પ્રકારના બીજા ઇન્જેકશનોની જે અછત ઉભી થઇ છે તે સંદર્ભમાં આ સભામાં એવો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો કે સરકાર ખાનગી હોસ્પિટલોને પણ સીધો જથ્થો મળી રહે અને જે તે હોસ્પિટલોને તેના બેડના પ્રમાણમાં ઇન્જેકશનનો પૂરવઠો પૂરતા પ્રમાણમાં સતત અને અવિરત મળી રહે તે માટેની વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરે, જેથી દર્દીના સગાવ્હાલાઓને હાલમાં પડતી ભયંકર તકલીફોમાંથી છૂટકારો મળે.

જે રીતે સોશ્યલ મીડિયામાં સમાચારો વહેતા થયા છે અને તેને કારણે જે અફવાઓ સમાજમાં વહેતી થઇ છે કે લોકડાઉન થવાનું છે, જનતા કરફ્યુ નંખાવવાનો છે તેને કારણે કારીગરોની હિજરત અફવા અને ભયને કારણે શરૂ થઇ ચૂકી છે. આ હિજરતને રોકવા માટેનો એકમાત્ર ઉપાય અને તે આ અગાઉ પણ ચેમ્બરે રજૂઆત કરી હતી કે બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને યુ.પી. તરફ જતી આંતર રાજ્ય બસોને ખાસ કરીને ખાનગી બસોની ટ્રીપ અને આ બસોમાં બેસાડવામાં આવતા મુસાફરોની સંખ્યાને મર્યાદિત કરવામાં આવે, જેને કારણે સંક્રમણ ઘટે અને હિજરત પણ અટકે તે વાતનું પુનરાવર્તન આ સભામાં કરવામાં આવ્યું હતું.

આમ, વિવિધ રજૂઆતો ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ધોરણે કરવા માટે સભામાં નક્કી કરવામાં આવ્યું હતું.